GJBK010007782026

## આંક–૧ નીચે હુકમ

(૧) સાંભળ્યા, અરજી તથા સામેલ દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી કાગળો વંચાણે લીધા.

(૨) અરજદારોએ હાલની અરજી કરી, આ કામે અરજદારોના નામે કેનરા બેંક,પાલનપુર શાખામાં ફીક્સ ડીપોઝીટ તરીકે જમા નાણાં અરજદારોને ચેકવી આપવા બેંકને હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩) અરજદારોની ઉપરોકત રજુઆત ધ્યાનમાં લેતાં તથા આ કામે અરજદારોની અરજી વંચાણે લેતાં, એમ.એ.સી.પી. નં.૬૭૧/૨૦૦૮ ના કામે હુકમ અન્વયેના હુકમનામા મુજબ સામાવાળાએ રકમ જમા કરાવેલ, જે રકમ ઉપાડવા અરજદારોએ અરજી દાખલ કરેલ અને તેના હુકમ તથા હુકમ મુજબના પેમેન્ટ હુકમ મુજબ અરજદારોના નામે પાંચ વર્ષ માટે ફીક્સ ડીપોઝીટ કરાવેલ છે. હાલમાં અરજદારોને અરજદાર નં.ર તથા ૩ ના લગ્ન માટે નાણાંની જરૂરીયાત ઉદભવેલ હોઇ અરજદારના નામે કરાવેલ ફીક્સ ડીપોઝીટ તોડી રકમ આપવાની માંગણી કરેલ છે. વધુમાં અરજદારો તરફે રજુઆત છે કે અરજદાર નં.ર થી ૩ નાઓ જે તે સમયે સગીર હતા પરંતુ હવે પુખ્ત વયના થઇ ગયેલ છે.

(૪) આ કામે અરજદારોની અરજી તળેનો રજીસ્ટ્રીનો સદરહું એમ.એ.સી.પી. સામે કોઇ અપીલ થયેલ ન હોવાનો શેરો વંચાણે લીધો. સામાવાળા તરફે આ કામે વાંધો ન હોવાનો શેરો અરજદારની અરજી ઉપર કરેલ છે જે વંચાણે લીધો. અરજદારના નામે જે એફ.ડી. ના નાણાં મુકેલ છે તે તેઓના લાભાર્થે મુકેલ છે. હાલમાં અરજદારોને અરજદાર નં.ર તથા ૩ના લગ્ન માટે ફીક્સ ડીપોઝીટ તોડી નાણાં આપવા રજુઆત કરેલ છે.

વધુમાં અરજદાર નં.ર થી ૪ પુખ્ત વયના થઇ ગયેલ છે. ફીકસ ડીપોઝીટોની મુદત નજીકના ભવિષ્યમાં પુર્ણ થાય છે. અરજદારોની રજુઆત ધ્યાને લેતાં અરજદારોને એફ.ડી. ની પુરેપુરી રકમ આપવી યોગ્ય જણાતી હોઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

૧. અરજદારોની અરજી મંજુર કરવામાં આવે છે.

ર. અરજદાર નં.૧–અમરતબા સમદરસિંગ ચૌહાણ,રહે.આંત્રોલી, તા.પાલનપુર, જી.બ.કાં.વાળાના નામે કેનરા બેંક, પાલનપુર શાખામાં એમ.એ.સી.પી. નં.૬૭૧/૨૦૦૮ ના કામે કરાવેલ ફીકસ ડીપોઝીટ રસીદ નં.213749, જેની રકમ રૂ.1,27,077/– છે તે એફ.ડી.આર. તોડી વ્યાજ સહીતની રકમ અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અરજદાર નં.ર–પાયલબા સમદરસિંગ ચૌહાણ,રહે.આંત્રોલી, તા.પાલનપુર, જી.બ.કાં.વાળાના નામે કેનરા બેંક, પાલનપુર શાખામાં એમ.એ.સી.પી. નં.૬૭૧/૨૦૦૮ ના કામે કરાવેલ ફીકસ ડીપોઝીટ રસીદ નં.213750, જેની રકમ રૂ.63,538/– છે તે એફ.ડી.આર. તોડી વ્યાજ સહીતની રકમ અરજદાર પુખ્ત વયના થઇ ગયેલ હોય અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૪. અરજદાર નં.૩–ઉર્મીલાબા સમદરસિંગ ચૌહાણ,રહે.આંત્રોલી, તા.પાલનપુર, જી.બ.કાં.વાળાના નામે કેનરા બેંક, પાલનપુર શાખામાં એમ.એ.સી.પી. નં.૬૭૧/૨૦૦૮ ના કામે કરાવેલ ફીકસ ડીપોઝીટ રસીદ નં.213757, જેની રકમ રૂ.63,538/– છે તે એફ.ડી.આર. તોડી વ્યાજ સહીતની રકમ અરજદાર પુખ્ત વયના થઇ ગયેલ હોય અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

પ. અરજદાર નં.૪–આબુરાજસિંહ સમદરસિંગ ચૌહાણ,રહે.આંત્રોલી, તા.પાલનપુર, જી.બ.કાં.વાળાના નામે કેનરા બેંક, પાલનપુર શાખામાં

એમ.એ.સી.પી. નં.૬૭૧/૨૦૦૮ ના કામે કરાવેલ ફીકસ ડીપોઝીટ રસીદ નં.213758, જેની રકમ રૂ.63,538/- છે તે એફ.ડી.આર. તોડી વ્યાજ સહીતની રકમ અરજદાર પુખ્ત વયના થઇ ગયેલ હોય અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૬. હુકમ મુજબ બેંકને યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર
તા.૧૦/૦૩/૨૦૨૬

**(પીયુષકુમાર અશોકભાઇ પટેલ)**
એમ.એ.સી.ટી.(ઓકઝી.)
બનાસકાંઠા-પાલનપુર
જી.જે.૦૦૮૦૩